

પૂજ્યશ્રી ચિત્રભાનુજી

# 30 દિવસની 30 વાતો

# ૩૦ દિવસની
# ૩૦ વાતો

પૂજ્યશ્રી ચિત્રભાનુજી

૧૯૮૮

# મંગલ ભાવના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે;
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણ કમલમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે,
દીન, ક્રૂર ને ધર્મવિહોણા દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ શ્રોત વહે,
માર્ગભૂલેલા જીવનપથિકને માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોય સમતા ચિત્ત ધરું,
ચિત્રભાનુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ ત્યજીને, મંગલ ગીતો સૌ ગાવે.

પૂ. શ્રી. ચિત્રભાનુજી

# અંતરનું અજવાળું

પોતાના બન્ને પુત્રોની વિચક્ષણતાની પરીક્ષા કરવા શાણા પિતાએ બન્નેને એક એક રૂપિયો આપતાં કહ્યું, "આ રૂપિયાની એવી વસ્તું ખરીદી લાવો કે જેથી ઘર ભરાઇ જાય."

અજાતે રૂપિયાનું સસ્તુ ઘાસ લાવી ઘરમાં પાથર્યું અને ઘર ભરાઇ ગયું.

અભયે સુગંધી અગરબત્તી અને મીણબત્તી લાવી, જયોત પ્રગટાવી અને જયોતના ઉજ્જવળ પ્રકાશ અને સુગંધથી ઘર ભરાઇ ગયું.

બન્નેએ ઘર ભર્યું, એકે કચરાથી, બીજાએ પ્રકાશથી.

# માનવીનું મન

બને નહિ, પણ બન્યું એવું કે સર્પ અને ઉંદર બન્ને એક મોટી ઘાસની ગંજીમાં સંતાઇને રહે. ખેડૂતે ઘાસ લેવા હાથ નાખ્યો ત્યાં સર્પ ડંખ મારી સંતાઇ ગયો ત્યાં ઉંદરે બહાર ડોકિયું કર્યું. ખેડૂત કહે: "અરે, આ તો નાચીજ ઉંદર કરડયો!"

બીજે કો'ક દિવસે ઉંદર કરડી સંતાયો ત્યાં સર્પે બહાર મોં કાઢયું. ખેડૂતે ચીસ નાખી: "અરે, મને સર્પ ડંખ્યો!" અને મૂર્છિત થઇ ઢળી પડયો.

ઝેર સર્પ કે ઉંદર કરતાં મનની નિર્બળતા અને ભયનું વધારે હોય છે. મન માણસને પાપી બનાવે છે અને એ જ માણસને પુણ્યશાળી પણ બનાવે છે. જે મન જીતે તે જગત જીતે.

# પ્રેમ અમાપ

**એ મદમાતી** ભરવાડણ દૂધનું બોઘરણું ભરી રોજ શહેરમાં વેચવા જતી. માર્ગમાં એના પ્રિયતમનું ખેતર આવતું. ત્યાં ઘેઘૂર વડલા નીચે બેસી બે ઘડી બન્ને પ્રેમગોષ્ઠિ કરતાં. જતાં જતાં એ પેલાનો લોટો દૂધથી છલકાવતી જતી. બાકીના દૂધને વેચી એ પાછી વળતી.

આજ પાછા વળતાં એની સખી મળી. એણે પૂછ્યું: "કેટલાનું દૂધ વેચ્યું?"

"સાત રૂપિયાનું."

"અને તારા પરણ્યાને કેટલું પાયું?"

એણે મલકાઇને ઉત્તર વાળ્યો: "એ તે કાંઇ માપવાનું હોય? પ્રેમમાં પૈસાની ગણત્રી શી?"

આ વાત માળા ગણતા એક સંતે સાંભળી અને બોલ્યા: "તો પછી પ્રભુની પ્રેમજન્ય ચિત્તપ્રસન્નતાને તો પૈસાથી કે પારાથી મપાય જ કેમ?"

# પુરુષાર્થ કે પ્રારબ્ધ?

પુરુષાર્થ ચઢે કે પ્રારબ્ધ—એની ચર્ચા યુગોથી ચાલ્યા જ કરે છે. વિદ્વાનો જેનો પક્ષ લે છે તેના એકપક્ષી સમર્થનમાં પોતાની સમગ્ર બુદ્ધિશક્તિ એ વાપરે છે. આનો સર્વસામાન્ય ઉત્તર એક હોડીવાળાએ સ્યાદ્વાદની દ્રષ્ટિથી શોધી કાઢયો છે! એણે પોતાની હોડીનાં બે હલેસાંનાં નામ આપ્યાં છે: પુરુષાર્થ અને પ્રારબ્ધ.

કોઈ ચર્ચા કરે તો એ કંઈ પણ બોલ્યા વિના પુરુષાર્થ નામનું હલેસું ચલાવે એટલે હોડી ગોળ ગોળ ફર્યા કરે; એ પછી તે પ્રારબ્ધ નામનું હલેસું ચલાવે એટલે હોડી અવળી દિશામાં ગોળ ગોળ ફરે.

સ્મિત કરીને બન્ને હલેસાં સાથે ચલાવે એટલે નૌકા સડસડાટ કરતી ધારેલી દિશામાં દોડવા લાગે.

કોયડાનું સમાધાન કરવા એ કહે: અનેકાન્તની દૃષ્ટિથી પુરુષાર્થ અને પ્રારબ્ધનાં બન્ને હલેસાં સાથે કામ કરે તો જીવનનૌકાને કયું બંદર અપ્રાપ્ય છે?" માત્ર ચર્ચાથી તો ચક્કર જ માર્યા કરશું."

# જ્વાળા અને જળ

**ક્ષિતિમોહનબાબુનાં** પત્ની સ્વભાવે જરા ક્રોધી હતાં, તો બાબુ શાંત હતા. એક દિવસ જમવાની વેળા વીતી ગયા પછી, બાબુ ઘેર આવ્યા. પ્રતીક્ષાથી કંટાળી ગયેલી એમની પત્નીએ આંખ લાલ કરી કહ્યું:

'તમને તો સેવાનું ઘેલું લાગ્યું છે. જમવાની વેળા વીતી જાય છે, એનુંય તમને ભાન નથી. લો, આ ટાઢું છે તે જમી લો.' એમ કહી એણે ટાઢા ભાતની થાળી પીરસી.

બાબુએ લાક્ષણિક સ્મિત કરી, એ થાળી પત્નીના માથા પર મૂકતાં કહ્યું, 'કંઇ નહિ, ભાત ઠંડા હોય તોય તારા માથામાં અગ્નિ ધખધખે છે, એટલે વાંધો નથી. તારા માથાની ગરમીથી આખું ઘર અને તારી આંખો ગરમ ગરમ થઇ ગઇ, તો આ ભાત ગરમ નહિ થાય ?'

આ કટાક્ષભર્યા વિનોદથી એમનાં પત્ની શરમથી હસી પડયાં. પોતાના પતિના આવા પ્રેમાળ, શાંત ને વાત્સલ્યભર્યા રમૂજી સ્વભાવ પર મુગ્ધ થઇ, જીવનભર ક્રોધ ન કરવાનો એણે સંકલ્પ કર્યો.

**ક્રોધને ક્ષમાથી જીતો! उवसमेण हणे कोहं!**

ક્રોધ એ જો અગ્નિની જ્વાળા છે, તો ક્ષમા એ જળનો ફુવારો છે. જળ સમીપે અગ્નિ પ્રગટે તો ય એને બુઝાતાં વાર શી લાગે?

# બિંદુમાં સિંધુ

**વર્ષા ઋતુ** હતી. આકાશમાં વાદળો પર વાદળનો મંડપ જામ્યો હતો. આથમતા સૂર્યનાં કનકવર્ણાં કોમળ કિરણોએ આકાશમાં રંગોળી પૂરી હતી. લાલ પીળા આછા જાંબલી વર્ણના મિશ્રણથી નીલવર્ણા ગગનમાં રંગની મહેફિલ જામી હતી. એમાં સપ્તવર્ણું મેઘધનુષ્ય ખેંચાયું. આ ઇન્દ્રધનુની આસપાસ સોનેરી વાદળોને વીંધીને આવતાં કિરણો રાસલીલા રમવા લાગ્યાં.

એક ભક્તનું હૈયું આ નયનમનોહર દ્રશ્યથી નર્તન કરવા લાગ્યું. અર્ધોન્મિલિત દ્રષ્ટિથી ધ્યાનમાં લીન બનેલા આનંદઘનજી પાસે એ દોડી આવ્યો.

'ગુરુદેવ! બહાર આવો. આવું જોવાનું ફરી નહિ મળે. ગગનમાં નિસર્ગની શું રંગલીલા જામી છે! આહ..... અલૌકિક!'

મહાત્મા આનંદઘનજીના ઓષ્ઠ પર સ્મિત રમી રહ્યું—જાણે મન ફૂલની મધુર સુવાસ પ્રસરી. વેલ પર શ્વેત ફૂલ આવે એમ એમના હોઠ પર શબ્દો આવ્યા:

'વત્સ! તું અંદર આવ. જેના માત્ર એક જ કિરણમાં વિશ્વની સમસ્ત લીલા અને શોભા સમાઇ જાય એવાં અનંતકિરણોથી શોભતા આત્માની આત્મલીલા અહીં જામી છે. તું અંદર આવ, આવો અવસર ફરી નહિ આવે. આવ, તું અંદર આવ.'

# દૃષ્ટિ તેવી સૃષ્ટિ

**માણસની** જેવી દૃષ્ટિ હોય છે, તેને તેવી જ સૃષ્ટિ દેખાય છે. માણસ કાળાં ચશ્મા પહેરે તો એને આખું જગત કાળું દેખાય, ઉજ્જવળ ચંદ્ર પણ શ્યામ દેખાય! વિશ્વને એના સ્વરૂપને જોવા માટે પણ નિર્મળ દૃષ્ટિ જોઈએ.

હસ્તિનાપુરની રાજસભામાંથી દુર્ગુણીને શોધી કાઢવાનું કહ્યું, ત્યારે ધર્મરાજાને કોઈ દુર્ગુણી ન દેખાયો; કારણ કે પ્રત્યેક માનવીઓમાં એણે કંઈક ને કંઈક વિશિષ્ટ ગુણો જોયા, અને સૌ સદ્‌ગુણી જ લાગ્યા.

જ્યારે આ વાત દુર્યોધનને કહેવામાં આવી, ત્યારે એની નજરમાં કોઈ સદ્‌ગુણી જ ન આવ્યો; કારણ કે એણે ગુણવાન આત્મામાં પણ કંઈક ને કંઈક દુર્ગુણ શોધી કાઢયો, અને એને આખી સભા દુર્ગુણીઓથી ઊભરાયેલી દેખાઈ!

આપણે જે ખરાબ બીજામાં જ જોઈએ છીએ તે આપણામાં ન જ હોય તો આપણું ધ્યાન ત્યાં કેમ કેન્દ્રિત થાય?

# ક્રૂરતાની પરાકાષ્ઠા

સિંહનું બચ્ચું ગુફામાંથી બહાર આવ્યું ત્યાં એણે એક મોટું લશ્કર જતું જોયું. બંદૂક અને ભાલાઓથી સજ્જ થયેલા આ માણસોને જોઇ એ ગભરાઇ ગયું: એ ધ્રૂજતું ધ્રૂજતું અંદર આવ્યું. એની મા આરામ કરતી હતી. એની હૂંફમાં એ સંતાવા લાગ્યું. માએ પૂછયું: "બેટા, તું સિંહબાળ થઇ ધ્રૂજે! તું તો વનરાજ છો. તારે કોઇથીય ડરવાનું હોય?"

"પણ મા, બહાર તો જો."

સિંહણે ગુફાના દ્વાર તરફ જોયું તો લશ્કર કૂચ કરી રહ્યું હતું. "રે, એ તો એમના જાતભાઇને મારવા જઇ રહ્યા છે! વિશ્વમાં માણસ જ એક એવું ક્રૂર પ્રાણી છે જે પોતાની જ જાતને, દેશ, ધર્મ, ભાષા અને પ્રાંતને નામે આમ કતલ કરતું આવ્યું છે!"

ધર્મ અને સંસ્કૃતિ માણસને જોડવા માટે છે, તોડવા માટે નહિ.

# મિત્રોને હું ખાતો નથી

બર્નાર્ડશૉને નૉબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે એમના માનમાં એક પાર્ટી યોજાઇ. સારા ગૃહસ્થોને નિમંત્રણો અપાયાં. પાર્ટીના દિવસે આમંત્રિત સદ્‌ગૃહસ્થોથી હૉલ ભરાઇ ગયો. પ્રીતિભોજન આપનારાઓને એ ખબર ન હતી કે, બર્નાર્ડશૉ માનવતાના ઉપાસક એવા શાકાહારી છે.

ભોજનની શરૂઆત થઇ પણ શૉ તો શાન્ત બેસી જ રહ્યા. કોઇ પણ વસ્તુને એમણે સ્પર્શ પણ ન કર્યો. એક સજ્જને કહ્યું: 'આપ કેમ કાંઇ લેતા નથી? આપના માનમાં તો આ પાર્ટી છે. આપ ન લો તો શરુઆત કેમ થાય...?'

શૉએ સાંભળનારના હૈયામાં કોરાઇ જાય એવો અને કદી ન ભૂલાય તેવો સાવ ટૂંકો ઉત્તર વાળ્યો:

'હું માણસ છું—મરેલાં જીવોને દાટવા માટેનું કબ્રસ્તાન નથી! પ્રાણી મારા મિત્ર છે. મિત્રોને હું ખાતો નથી!'

# પ્રેમ પુષ્પનો ભાર

રાજકુમારના પ્રશંસકો અને મિત્રોએ એને સન્માનવા સુવર્ણના અલંકારોથી એને તોલવાનું વિચાર્યું. મોટા કાંટાના એક પલ્લામાં કુમારને બેસાડયો. સામે બીજા પલ્લામાં એક પછી એક આભૂષણો એ ગોઠવતા ગયા પણ પલ્લું કેમેય ન નમે.

ત્યાં શિયળની સુવાસથી જેનું તન મન પ્રસન્ન છે એવી કુમારની ધર્મપ્રિયા આવી ચઢી. આ મૂંઝાયેલા પ્રશંસકોને જોઇ કરુણાથી એ દ્રવી ગઇ. એના હાથમાં તાજું ખીલેલું ગુલાબનું એક ફૂલ હતું તે એણે આભૂષણોના ઢગલા પર મૂક્યું અને પલ્લું ઝૂકી ગયું!

સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. ફૂલમાં આ તાકાત! હા, પ્રેમ અને શુદ્ધિ અબળને પણ સબળ બનાવી દે છે.

શસ્ત્રો કરતાંય શુદ્ધ આત્મશક્તિથી માણસ જીતી જાય છે.

# દૃષ્ટિ નહિ, દર્શન

એક દવાખાનામાં ચાર જન્માંધ એક દિવસ ભેગા થઇ ગયા. તે આવતા તોહતા આંખની દવા કરાવવા, પણ આજે ચર્ચામાં ઊતરી પડયા. એકનો હાથ ડૉક્ટરની કૅબિનના કાચને અડયો. એ કહે: "મારું અનુમાન કહે છે, આ કાચ લીલો છે." બીજો કહે: "એ ગપ છે, કાચ લાલ છે, એમ મારા ભોમિયાએ જ મને કહ્યું છે." ત્રીજાથી ન રહેવાયું: "અરે, એ તો પીળો છે, મારા બાપે જ તો કહ્યું હતું." ત્યાં ચોથો ઊછળી પડયો: "તમે સૌ મિથ્યા છો. કાચ વાદળી રંગનો છે. મારો પુત્ર વિજ્ઞાનવિદ્યાનો નિષ્ણાત છે. એણે જ મને કહ્યું હતું. તમારે સૌએ એ માન્ય રાખવું જ જોઇએ!"

વાદવિવાદ કરી એ કોલાહલ કરી રહ્યા હતા ત્યાં ડૉક્ટર આવ્યા. એમને અંધોની આ ચર્ચા પર હસવું આવ્યું. એમણે સમાધાન કર્યું: "પ્રત્યક્ષ દેખ્યા વિના બીજાએ કહેલું માની શું કરવા તમે લડી મરો છો? તમે કહો છો તે બધા જ રંગના કાચ મારી આ કૅબિનમાં છે. સાત બારી છે તેમાં સાતેના રંગ જુદા છે."

દરેક દર્શનમાં સત્યનો અંશ જોવો એ સ્યાદ્વાદ છે.

# શ્રદ્ધાનો સત્કાર

લંડનની પાર્લામેન્ટમાં ફૉક્સ મધ્યમવર્ગનો પ્રતિનિધિ હતો. એ સામાન્ય વર્ગનો હોવા છતાં સમર્થ વક્તા હતો. ભથ્થાના આવેલા રૂપિયા એ પહેલી તારીખે પોતાના લેણદારોને ચૂકવતો. એક વેપારીએ આવી કહ્યું: "મિ. ફૉક્સ! મારે બેન્કમાં ભરવા છે એટલે મારું લેણું આજે જ આપો."

"ભાઇ! તને રૂપિયા એક મહિના પછી આપીશ. આ તો હું સેરિડોનને આપીશ. એણે કાંઇ પણ લખાણ લખાવ્યા વિના મારા વિશ્વાસ પર મને રૂપિયાં આપ્યા છે. મને ક્યાંક અકસ્માત થાય તો એ સજ્જન તો રખડી જ પડે ને?"

ફૉક્સની આ જીવનનિષ્ઠાનો પ્રભાવ વેપારી પર પડયો. કરારપત્રના ટુકડાં કરતાં વેપારીએ કહ્યું: "તો મારે પણ આ લખાણને શું કરવું છે? આપની અનુકૂળતાએ હવે આપ જ આપી જજો."

ફૉક્સ આ વિશ્વાસથી અંજાઇ ગયો: "લો, આ રૂપિયા. આ તમે જ લઇ જાઓ. એક તો તમારું દેવું જૂનું છે, બીજું, તમારે બેન્કમાં ભરવા છે, ત્રીજું, તમે મારામાં શ્રદ્ધા મૂકી લખાણને ફાડી ફેંક્યું છે. સેરિડોનને હું આવતા મહિને આપીશ.

ચૈતન્યની શ્રદ્ધાનો આ સત્કાર જ નહિ, ચમત્કાર પણ છે.

# હૃદયતૃષ્ણા

રાજાનો નિયમ હતો. પ્રભાતના પહેલા પ્રહરે એના દ્વાર ઉપર જે ટકોરા મારે એનું પાત્ર સોનામહોરોથી ભરી દેવું. આમ ઘણાનાં પાત્ર ભર્યાં. એક નવો ભિક્ષુ આવ્યો. એણે ટકોરા માર્યા, દ્વાર ખોલ્યું. રાજા મૂઠા ભરીભરીને સોનામહોર એના પાત્રમાં નાખતો ગયો પણ પાત્ર ન ભરાયું. આખો ભંડાર ખાલી કર્યો તો ય પાત્ર ન ભરાયું. રાજાને નવાઈ લાગી. પૂછયું: "શેનામાંથી આ પાત્ર બનાવ્યું છે? કઈ ધાતુનું છે?"

જવાબ મળ્યો: "આ પાત્ર માનવના હૃદયમાંથી મેં બનાવ્યું છે. માનવનું હૃદય એવું ભૂખ્યું છે, એવું લોભિયું છે, કે એને ગમે એટલું આપો પણ એને ઓછું જ લાગે."

જ્ઞાની રાજાએ કહ્યું: "હૃદયતૃષ્ણાનો અર્થ તમે બરાબર સમજાવ્યો. આ હૃદય કોઈ પણ દિવસ તૃપ્ત નહિ થાય. જીવનમાં સંતોષ આવશે તો જ હૃદયપાત્ર ભરાશે."

# ઝાંઝવાને ચાહવું

એ શ્રીમંત હોવા છતાં શ્રધ્ધાવાંન દેખાતા. સવારના બે કલાક તે પૂજા ભક્તિમાં કાઢતા જ.

એક યુવાન આવ્યો: "શેઠ! પૈસાની અનિવાર્ય આવશ્યકતા છે એટલે આ માલ મારે કાઢી નાખવો છે. આપ ન લો?"

શેઠ ગરમ થઇ ગયા: "જોતો નથી હું કેટલો કાર્યમગ્ન છું? જા, મહિના પછી આવજે."

"પણ શેઠ! મારે પૈસાની આજે જ જરૂર છે. મારી મા માંદી છે."

"સાંભળતો નથી? કામમાં છું, જા, બહાર જા, નહિ તો ધક્કો..."

ત્યાં વચ્ચે જ એણે અર્જ કરી: "એક પ્રશ્ન આપને પૂછું? આપ ભગવાનને ચાહો છો"

શેઠને આશ્ચર્ય થયું. "કેમ આમ પૂછે છે? ભગવાનને ન ચાહું?"

"તમે ભગવાનને માનતા હોત તો એના જ જીવંત પ્રતીક સમા માનવને આમ ધૂતકારી ધકકો મારવા તમે તૈયાર ન થાત. જે દૃશ્યને જ ન માને તે અદૃશ્યને માને છે, તે કેમ મનાય?"

# સંસાર શું છે?

**માનવના આત્મા** અને શરીર વચ્ચે પાપ ઉપર મૌનમાં ચર્ચા વધી પડી. ચર્ચા ઉગ્ર રૂપ લીધું. શરીર આવેશમાં લાલચોળ થઇ ગયું:

"હું તો માટીનો પિંડ છું, પંચભૂતનો સમૂહ માત્ર છું, મોહ ઉત્પન્ન કરનાર વસ્તુઓને હું સંવેદી પણ ન શકું. મારાથી પાપ થાય જ કેમ?"

આ સાંભળી આત્મા ચૂપ રહે તો એ ચેતન શાનો? એણે પણ એવી જ યુક્તિથી ઉત્તર વાળ્યો:

"પાપ કરવાનું સાધન જ મારી પાસે ક્યાં છે? મારે ઇંદ્રિયો જ ક્યાં છે? ઇંદ્રિયો વિના પાપ થઇ શકે ખરાં? ઇંદ્રિયો દ્વારા જ તો કામના તૃપ્ત થાય છે. હું અરૂપી પાપી હોઇ શકું જ કેમ?"

ઉગ્ર ચર્ચાને અંતે પ્રસરેલી નીરવ શાન્તિમાં દિવ્ય વાણી સંભળાઇ:

"પાપનું સર્જન દ્વન્દ્વમાંથી થાય છે. શરીરમાં આત્મા પ્રવેશે તો જ એમાં વેગ આવે. બન્નેના સહકારે જ પાપ જન્મે. આત્મા વિનાનું શરીર જડ છે. જડના સંગ વગરનો આત્મા પરમાત્મા છે. શરીર અને આત્માનો સંગ એ જ તો સંસાર છે."

# મૈત્રીનું માધુર્ય

એક શાળામાં બે વિદ્યાર્થીઓ સાથે ભણતા હતા. પુષ્પ અને પરિમલ જેવી એમની મૈત્રી હતી. આગળ જતાં બંન્નેના રાહ જુદા ફંટાયા; એક ચિન્તક બન્યો, બીજો પ્રધાન બન્યો.

એ પછી વર્ષો વીત્યાં. બન્ને જુદી જુદી દિશામાં આગળ વધી રહ્યા હતા. એક દિવસ પ્રધાનની પત્ની ચિન્તકને મળવા આવી, એણે કહ્યું: "તમે તમારા મિત્રને હમણાં મળવા કેમ આવતા નથી?"

ચિન્તકે સહાનુભૂતિ બતાવતાં કહ્યું: "હમણાં તો મારા મિત્રને ઘણાય મળવા આવે છે. હું એક ન મળું તોય ચાલે. હું તેને ત્યારે જ મળીશ જ્યારે એ ચૂંટણીમાં ઊડી ગયો હશે. ઝૂકીને સલામ ભરનારા એને ત્યાં ડોકાતાય નહિ હોય. અને મારા એ મિત્રનું હૈયું નિરાશા અને વ્યથાથી ભારે થયેલું હશે, ત્યારે ઉત્સાહનું ઔષધ અને આશ્વાસનનો મલમપટ્ટો લઇ, એના ઘાને રૂઝવવા હાજર થઈશ."

મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુ:ખનાં આંસુ લૂછવામાં છે!

# ભાષાની ભવ્યતા

સિદ્ધરાજ જયસિંહના શૈશવની આ વાત છે. સિદ્ધરાજના પિતા કર્ણદેવ તો એને ત્રણ વર્ષનો મૂકી ગુજરી ગયા હતા. શાસન એની મા મીનળદેવી ચલાવતાં હતાં. સિદ્ધરાજ નાનો હતો પણ એની પ્રતિભાની ખ્યાતિ દૂર દૂર દિલ્હી સુધી પહોંચી હતી. દિલ્હીના સમ્રાટે મીનળદેવીને કહેવડાવ્યું: "તમારો પુત્ર મોટો થયો છે. એને દિલ્હીના દરબારમાં મોકલો." મીનળદેવીને ચિન્તા થઇ. એણે એને દિલ્હી મોકલતા ઘણી ઘણી શિખામણ આપવા માંડી ત્યારે સિદ્ધરાજે પૂછયું: "તમે શિખવાડો છો તે સિવાયનું કંઇક ત્યાં આવી પડે તો તમને પૂછવા કેમ આવું?" આ માર્મિક ઉત્તરથી મા પ્રસન્ન થઇ.

દિલ્હી દરબારમાં વિનય અને સભ્યતાથી પ્રવેશ કરી સિદ્ધરાજે સૌનાં મન જીતી લીધાં. એની પરીક્ષા કરવા બાદશાહે એના બન્ને હાથ મજબૂત પકડીને પૂછયું: "બોલ, હવે તું શું કરીશ?"

હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યા વિના જ સ્મિત કરી સિદ્ધરાજે કહ્યું: "આ દેશમાં વર કન્યાને એક હાથથી પકડે છે તો એને જિંદગીભર નભાવે છે, એના યોગક્ષેમની જવાબદારી લે છે; આપે તો મને બન્ને હાથથી પકડયો છે, હવે મારે ચિન્તા શી? આજથી હું નિશ્ચિત થયો!"

આથી પ્રસન્ન થયેલા બાદશાહે એનું સન્માન કરી એને વિદાય આપી.

# વિસર્જન નહિ, સર્જન

અગ્નિનાં બે સ્વરૂપ છે: જ્વાળા અને જ્યોતિ. વિચારના પણ બે પ્રવાહ છે:નિષેધાત્મક અને વિધેયાત્મક . નિષેધમાં ઈર્ષા છે; વિધેયમાં પ્રેરણા.

ઈર્ષાની જવાળા માણસના સ્વત્વને બાળી નાખે છે, જ્યારે પ્રેરણાનો જ્યોતિ તિમિરમાં તેજ પાથરે છે.

અકબરે એક લીટી દોરી અને સભામાં જાહેર કર્યું. "અડયા કે ભૂસ્યા વિના, આ લીટીને કોઇ નાની કરી શકશો?"

સભાજનો વિચારમાં પડયા. ભૂસ્યા વિના લીટી નાની થાય જ કેમ ? વિસર્જનની પદ્ધતિથી ટેવાયેલ માનસ કોઇકને નાનો બનાવ્યા વિના પોતે મોટું બની શકે છે એ વિચારી જ શકતું નથી. સૌ ચૂપ રહ્યા. ત્યાં બીરબલ ઊભો થયો. એણે અકબરને નમન કર્યું અને પાટિયા પાસે જઇ પેલી લીટીની બાજુમાં જ એક મોટી લીટી દોરી.

સભા સ્તબ્ધ થઇ ગઇ. આ લીટી આગળ અકબરની લીટી વામણી લાગતી હતી.

સફળતા બીજાને પાડવામાં નહિ, પોતાને ઊભો કરવામાં છે.

# અંતરની આંખ

ઉદ્યાનમાં હું વિહાર કરતો હતો. મારી આગળ એક યુગલ ચાલ્યું જતું હતું. ૬૩ની જેમ એકબીજાની સન્મુખ હોવાને બદલે ૩૬ની જેમ એકબીજાથી વિમુખ હતાં. મને થયું, આ બન્ને વચ્ચે ૬૩ના સંવાદને બદલે ૩૬નો વિસંવાદ જણાય છે. પણ ચાલતાં હતા ૩૩ની જેમ એકબીજાની આગળ પાછળ.

ત્યાં તો પુરુષ બોલતો સંભળાયો:

"શું ધૂળ સૌન્દર્ય છે તારામાં! તને ખુશ કરવા લોકો મફતમાં ખુશામત કરે છે. ચૂના જેવી ધોળી થઇ એ તે કંઇ સૌન્દર્ય કહેવાય?" લાવણ્યનીતરતી સ્ત્રીને ઉતારી પાડતા ગાયકે કહ્યું.

ત્યાં તો જાણે વીજળી ત્રાટકી. "અને તમારા ગળામાં સ્વરની મીઠાશ જ કયાં છે. મૂર્ખાઓ તમને ગવૈયા કહી વાહ વાહ કરે છે. બરાડા તાણવા એ તે કંઇ સ્વર સંગીત છે?"

બન્નેમાં રહેલો કલહ એકબીજાનો દોષ જ જોઇ રહ્યો હતો.

હું થોડું ચાલ્યો ત્યાં ફૂલને કહેતા બુલબુલનું ગુંજન સંભળાયું: " સૌન્દર્ય તો છે, પુષ્પ ! તારા પરાગ અને પરિમલમાં!"

ફૂલે સ્નેહની સુવાસમાં ઉત્તર આપ્યો :" સૌન્દર્ય તો છે, બુલબુલ ! તારા ગળામાંથી નીતરતા સ્વરમાધુર્યમાં."

અહીં પ્રેમની આંખ ગુણ જ જોઇ રહી હતી. પહેલી જ વાર મને સૌન્દર્યનું સત્ય જડયું: સૌન્દર્ય વસ્તુમાં નહિ, પ્રેમમાં છે. અંતરની અમી દૃષ્ટિમાં છે.

# અહંકાર ઓલવાયો

**દીવાનખાનામાં** એક અગરબત્તી જલી રહી હતી. તેની બાજુના ગોખલામાં એક મીણબત્તી સળગી રહી હતી. બન્ને પોતાને બાળી જગતને સંદેશ આપી રહ્યાં હતાં. અગરબત્તી પોતાની દિવ્ય સુગંધથી વાતાવરણને સૌમ્ય બનાવતી હતી અને મીણબત્તી પોતાના મંદ પ્રકાશથી વાતાવરણને સુવર્ણરંગી બનાવતી હતી.

એક દિવસની વાત છે. કોઇ નજીવી વાતમાં બન્ને વચ્ચે ઝગડો થયો. મીણબત્તીએ કહ્યું:" તારા શરીર સામે તો જો ! કેવી દુર્બળ છે તું! અને તારું રૂપ તો જો, કોઇ સામું પણ ન જુએ!"

અગરબત્તી ચૂપ રહી.

અગરબત્તીના મધુર મૌનથી મીણબત્તી વધુ કડકાઇથી બોલી," મેં શું કહ્યું સાંભળતી નથી? કેમ જવાબ નથી આપતી? તારામાં એટલી આવડત કયાં છે કે તું મને જવાબ આપે?"

આ વખતે પણ અગરબત્તી ચૂપ રહી.

મીણબત્તી હસીને પોતાની બડાઇ હાંકતી હતી, "મારી સામે જો, હું કેવી રૂપાળી છું? મારા પ્રકાશથી ઓરડો કેવો સોહામણો લાગે છે?" મીણબત્તીનો અહંકાર બોલી રહ્યો હતો, ત્યાં હવાના એક ઝપાટે મીણબત્તી ઓલવાઇ ગઇ!

પરંતુ અગરબત્તીમાં તો એક જ સર્વશ્રેષ્ઠ વસ્તુ હતી:'સંતોષની સુરભિ'.

# શબ્દ નહિ, સંવેદન

બાર બાર વર્ષ સુધી સમર્થ જ્ઞાનીની નિશ્રામાં વિદ્યાભ્યાસ કરી બન્ને ભાઈઓ ઘેર આવ્યા. સ્વાધ્યાય અને ચિંતનનાં તેજ એમના મુખને અજવાળી રહ્યાં હતાં. એમના આગમનથી ઘર અને ગામમાં આનંદ આનંદ હતો. વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસ હતો. માત્ર એમના પિતા જ શાંત અને સચિંત હતા. નમતી સાંજે સમય મળતાં એમણે મોટાને પ્રશ્ન કર્યો :"તું ભણ્યો તો ખૂબ પણ પરમાત્મતત્ત્વની તને કંઇ ઝાંખી થઇ ? આત્માની અનુભૂતિ થઇ?" મોટાએ તો શાસ્ત્રોમાંથી એક પછી એક શ્લોકો સંભળાવવા જ માંડયા. પિતાએ કહ્યું, ગોખેલું બોલી ગયો, આમાં તારી અનુભૂતિ શું?"

પિતાએ એ જ પ્રશ્ન બીજાને પૂછયો. નાનાએ નમન કરી કહ્યું? "પિતાજી! શું કહું? જે અરૂપી છે તે રૂપી ભાષા વર્ગણાની જાળમાં કેમ બંધાય? જે શાંત છે, તે અશાંત એવા શબ્દોમાં કેમ ઊતરે? અંજલિમાં સાગર કેમ સમાય? એની અનુભૂતિ શબ્દોમાં નહિ, સંવેદનમાં જ સંભવે."

પિતાના મુખ પર મૌનમાંથી જડેલી મુકિતની મધુરતા પ્રસરી.

# પ્રેમનું પ્રભુત્વ

પ્રજાપાલ રાજા મુસાફરના પ્રચ્છન્ન વેશમાં બીજે ગામ જઇ રહ્યો હતો. માર્ગમા એક લંગડાએ વિનંતી કરી:"અપંગ છું, સામે ગામ જવું છે, થાકી ગયો છું. આપના ઘોડા પર મને થોડે સુધી ન બેસાડો ?" એ કરુણાળુ હતા. પોતાના ઘોડા પર પાછળ બેસાડયો. નવા ગામમાં એને ઉતાર્યો. ત્યાં એણે બૂમાબૂમ કરી:"મને અપંગ જાણી આ મારો ઘોડો ઉઠાવી જાય છે!" લોકો ભેગા થયા. બન્નેને ન્યાયાલયમાં લઇ ગયા. ન્યાયાધીશે આજ્ઞા કરી:"મુસાફર! ઘોડાને પેલા દૂરના ખીલે બાંધી આવો." પછી અપંગને કહ્યું:"તમે એને ત્યાંથી છોડી લાવો."

ન્યાયાધીશે કહ્યું: "મુસાફર! ઘોડો તમારો છે, લઇ જાઓ." આ ન્યાય-પદ્ધતિથી રાજાને આશ્ચર્ય થયું. એણે પ્રગટ થઇ પૂછયું "તમે કેમ જાણ્યું કે આ ઘોડો મારો છે?"

નમન કરી ન્યાયાધીશે કહ્યું: "આપ બાંધવા ગયા ત્યારે ઘોડો પ્રેમથી આકર્ષાઇ આપની પાછળ આવતો હતો. પણ આ છોડી લાવ્યો ત્યારે ઘોડો એની પાછળ ઘસડાતો હતો."

પ્રેમ સ્વામી છે, ભય અપરાધી.
પ્રેમ આકર્ષણ છે, ભય પ્રકંપ છે.

# શરીર નહિ, સત્ત્વ જીવે છે

એક ઠેકાણે ધખધખતા પાણીમાં ગુલાબનાં ફૂલોને ઉકાળી એનું અત્તર અને ગુલાબજળ થઇ રહ્યું હતું. તો બીજે ઠેકાણે ગુલકંદ માટે તાજાં ફૂલો વિંખાઇ રહ્યાં હતાં. આ જોઇ એક દ્રવિત હૃદયે ગુલાબને જ પૂછયું: "જેની પાંખડીઓમાં નયનમનોહર રંગો, સુકુમારતા સૌન્દર્ય છે અને પરાગમાં મનને ભરે એવો પમરાટ છે એવાં સૃષ્ટિનાં નિર્મળ સ્મિતસમાં ફૂલો, તમારી આ હાલત!"

ફૂલો વેદનામાં પણ હસી પડયાં, "હા, અમારી આ હાલત છે. અમારી નહિ, અમારા જેવા સહુ શુભેચ્છકોની આ હાલત છે. જે ખીલે છે, ઉપર આવે છે અને શુભેચ્છાનું સ્મિત વેરે છે એને કેટલાક માણસો જોઇ નથી શકતા! હા, વિપત્તિથી રડતા કે વેદનાથી પીડાતા કંગાલને જોઇ માણસ દયાનો હાથ કદીક લંબાવે છે, પણ સ્મિતથી ઉદય પામતાને તો એ ઇર્ષાથી કચડી જ નાખે છે!

"પણ માનવ એ ભૂલી જાય છે કે ભલે અમને પીંખે કે ઉકાળે પણ અમે મરતાં નથી, સુવાસ અને કુમાશરૂપે જીવીએ જ છીએ. પહેલાં અમારી શુભેચ્છાનું સ્મિત ફૂલોમાં હતું, હવે સુવાસમાં!"

# આચરણ

પ્રભાતનું દ્વાર હમણાં જ ઊઘડયું હતું. શહેરના રાજમાર્ગ પર માણસોની અવરજવર વધતી જતી હતી. એક વૃદ્ધ લાકડીને ટેકે પસાર થઇ રહ્યો હતો. ત્યાં સામેથી એક યુવાન આવતો હતો. ધૂનમાં વૃદ્ધ સાથે અથડાઈ પડયો. અથડાઈ પડનાર યુવાન સશક્ત અને સમર્થ હતો. આવેશમાં આવી એણે વૃદ્ધને ધક્કો માર્યો:
"જોતો નથી?"

જાણે કંઇ જ બન્યું નથી એમ વૃદ્ધે હાથ જોડી કહ્યું "ક્ષમા કરો. આપને ખબર નહિ હોય કે હું અંધ છું. આપને કયાંય વાગ્યું તો નથી ને?"

આ શબ્દોએ યુવાનના હ્રદય પર અદ્‌ભુત અસર કરી. એ વૃદ્ધને પગે પડયો "ક્ષમા તો મારે માંગવાની છે, દાદા, શાન્તિની વાતો તો મેં ઘણીય સાંભળી છે. અને દાંભિક શાન્તિ રાખનારા પણ મેં ઘણાય જોયા છે, પણ તમે તો શાન્તિને ભલાઇની કલગીથી શણગારી છે."

એક યુવાન માટે આથી ઉત્તમ આચરણનો બીજો બોધપાઠ શું હોઇ શકે?

# જેણે છોડયું તેને કોઇ ન છેડે!

ત્યાગ અને ભોગની તેજછાયાથી બનેલા આ જગતનો વિચાર કરતા મુનિ રાજગૃહની શેરીઓમાંથી પસાર થઇ રહ્યા હતા.

એમની નજરે એક દૃશ્ય પડયું અને એ થંભી ગયા: એક કૂતરું મોંમાં હાડકું લઇ પૂરી ઝડપથી દોડી રહ્યું હતું. અને દશેક કૂતરાંએ તેનો પીછો પકડયો હતો.

થોડે જ આઘે જતાં બધાંય કૂતરાં એના પર ત્રાટકી પડયાં. અને જોતજોતામાં તેને લોહી-લુહાણ કરી મૂકયું.

અંતે એ શ્વાન થાકયું. પોતાનો જીવ બચાવવા એણે એ હાડકાને પડતું મૂકયું. તે જ ક્ષણે સૌએ એને છોડી દીધું. દશમાંના એકે એ હાડકું ઊચકી લીધું.

હવે પેલાં નવ, આ એમના જ સાથી પર ત્રાટકયાં અને પહેલા શ્વાનની જેમ એને પણ ધૂળ ભેગું કર્યું. આ બીજા કૂતરાએ પણ પહેલાની જેમ પોતાનો જીવ બચાવવા હાડકું છોડી દીધું અને સલામત થયું. હવે હાડકું ત્રીજાએ ઝડપ્યું તો સૌએ એના પર હુમલો કર્યો. કૂતરાઓની નજર હાડકા પર હતી. હાડકું ઝડપે તે લોહીથી ખરડાય. સંત વિચારી રહ્યાં: જે ગ્રહણ કરે તે દુ:ખી થાય. જે છોડે તે સુખી થાય.

# સંસારની શેરડી

**સંસારનું** કલહમય જીવન જોઇ, જીવનદાતા સૂર્યદેવ નિરાશ થઇ અસ્તાચળ તરફ સરકી રહ્યા હતા. એમની નજરે પ્રેમનો એક સોહામણો પ્રસંગ પડયો, અને સૂર્યદેવનો ગ્લાનિભર્યો ચહેરો હર્ષથી ખીલી ઊઠયો!

ભક્ત કવિ તુકારામ શેરડીના દશ સાંઠા લઇ ઊભી બજારે ચાલ્યા જાયં છે. એમની આંખમાં બાળક જેવી નિર્દોષતા છે, મુખ પર ગુલાબ જેવું મૃદુ ને મુકત હાસ્ય છે. એમને જોઇ બાળકો ઘેલાં થાય છે. નિર્દોષ બાળકોને જોઇ પોતે ઘેલા થાય છે.

બાળકોએ હાથ ધર્યો એટલે સૌને એક એક સાંઠો આપી, માત્ર એક સાંઠો લઇ એમણે ઘરના આંગણમાં પગ મૂકયો.

આંગણામાં ઊભેલી એમની ક્રોધમુખી પત્ની આ દૃશ્ય જોઇ સળગી ઊઠી. એ મનમાં બબડી:"આની દાનવીરતા તો જુઓ! ઘરમાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો."

ત્યાં તુકારામે સાંઠો એના હાથમાં મૂકયો. પત્નીએ શેરડીનો તિરસ્કાર કરી કહ્યું:"ફેંકો આને ઉકરડે! ફૂલણજી થઇ બધા ય સાંઠા છોકરાઓને વહેંચ્યા, તેમ આને ય આપી દેવો હતો ને? આને અહીં શું કરવા લાવ્યા!" એમ કહી ક્રોધના આવેશમાં ભાન ભૂલેલી, એણે સાંઠો પતિના બરડામાં ફટકાર્યો!

સાંઠાના બે ટૂકડા થઇ ગયાં. મીઠું હાસ્ય કરી તુકારામે કહ્યું; "તું તો મારી અર્ધાંગના. મને મૂકીને તું એકલી કેમ ખાય? તે મને બરાબર અર્ધો ભાગ આપ્યો." એમ કહીં એ ટૂકડો મોંમા મૂકી બાળકની જેમ રસ ચૂસવા લાગ્યા. તિરસ્કારને પ્રેમથી જીત્યો.

# પ્રકાશ અને અંધકાર

**એક માણસને** એક સ્વપ્ન આવ્યું. કેવું વિચિત્ર એ સ્વપ્ન! જોનાર આશ્ચર્યમાં ડૂબી ગયો.

એક જ નગરમાં રહેતાં સાધુ અને વેશ્યા બન્ને એક જ અઠવાડિયામાં મૃત્યુ પામ્યાં. વેશ્યા સ્વર્ગે ગઇ. સાધુ નર્કે ગયા. વેશ્યા ઊંચે ચડી, સાધુ નીચે પડયા.

ઝબકીને જાગેલો માણસ આ સ્વપ્નનું રહસ્ય જાણવા એક જીવનદ્રષ્ટા પાસે પહોંચ્યો. જીવનદ્રષ્ટાએ કહ્યું:" વાત બરાબર છે. વેશ્યા પોતાના અધોગામી જીવનને વારંવાર નિંદતી હતી, અને પોતાનું જીવન ધીમે 'ધીમે સુધારતી હતી અને સાધુના ચારિત્ર્યની હૈયાથી પ્રશંસા કરતી હતી; જયારે સાધુ પોતાના ચારિત્ર્યનો મનમાં મિથ્યા ઘમંડ રાખતા હતા, અને વેશ્યાનો તિરસ્કાર કરી, આખો દિવસ એની જ નિંદામાં રચ્યાપચ્યા રહેતા હતા.'

વેશ્યાની આંખમાં ગુણ હતો-પોતાની નિંદા અને બીજાની પ્રશંસા, સાધુની આંખમાં દોષ હતો-પોતાની પ્રશંસા અને બીજાની નિંદા.

'એ કારણે વેશ્યાને પ્રકાશ લાધ્યો, અને સાધુને અંધકાર.'

# માન ગળે તો જ્ઞાન મળે!

**બાહુબલી** સમરાંગણમાં સંયમી તો થયા, પણ એમના હૈયામાં રહેલી માનની ગોળી નહોતી ગળી. એમના મનમાં એમ કે કેવળજ્ઞાન થયા પછી ભગવાન ઋષભદેવ પાસે જઇશું તો સંયમમાં મોટા પણ ઉંમરમાં નાનાં મારા ભાઇઓને મારે નમવું નહિ પડે.

એટલે કેવળજ્ઞાન મેળવવા એમણે તપ આદર્યું. કેવુ આકરુ તપ! એમની કાયા પર વેલડિયો વીંટાઇ, એમના કાનમાં ચકલાંએ માળા નાખ્યા, તોય એમને જોઇતી વસ્તુ ન લાધી. એમની કાયાએ તાપના, ટાઢના, વર્ષાનાં દુખડાં વેઠયાં, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું. કારણ કે અભિમાનની ગોળી નહોતી ગળી.

ભગવાન ઋષભદેવે કરુણા આણી, બાહુબલીની બે સાધ્વી બહેનોને બોધ આપવા મોકલી. બહેનોએ કહ્યું "બાંધવા ! હાથી ઉપરથી નીચે ઊતરો, મનના શિખર પર બેઠેલાના હૈયામાં જ્ઞાનની જયોત પ્રગટતી નથી. ત્યાં ગર્વના વાયુ વાય છે. જ્ઞાનદીપ બુઝાઇ જાય છે, માટે વીરા! નીચે ઊતરો. જ્ઞાનના સૂર્યની આડે અભિમાનનો પડદો આવે છે ત્યારે માણસ છતી આંખે અંધ થાય છે."

શાણા બાહુબલી ચમકયા, ચેત્યા. એમનો આત્મા નાના બાંધવોને વંદન કરવા તૈયાર થયો. અંતરમાં લઘુતા આવી. માત્ર એક જ ડગ ભર્યું ત્યાં કેવળજ્ઞાનના પ્રકાશથી એમનો આત્મા પ્રકાશી ઊઠયો.

વાહ! માન ગળે તો જ્ઞાન મળે.

# અન્તરપટ

પ્રજ્ઞાપૂર્ણ આ વાત જાણી ત્યારે શિષ્યના આંનદનો પાર ન રહ્યો. અને આનંદના સંવેદનમાં એના અન્તરનાં દ્વાર ઊઘડી ગયાં.

વાત આ હતી: એના ગુરુ પાસે લોખંડની એક સુંદર ડબ્બી હતી. આ ડબ્બીને એ જતનથી જાળવતાં. શિષ્યના હૈયામાં આશ્ચર્ય હતું. ગુરુજી નિર્મોહી અને જ્ઞાની છે; છતાં આ ડબ્બીમાં તે એવું શું છે કે એને એ જતનથી જાળવે છે. પણ એ આજ્ઞાંકિત હતો. ગુરુની આજ્ઞા વિના ચોરીથી ડબ્બીને સ્પર્શવામાં એ પાપ માનતો. દિવસે દિવસે એનું કૌતુક વધતું ગયું.

ઋતંભરા પ્રજ્ઞાના સ્વામી શિષ્યના આ સૂક્ષ્મ ભાવોને અવલોકી રહ્યા હતા.શિષ્યની નિષ્ઠા અને શ્રદ્ધાભરી પ્રીતિભક્તિથી પ્રસન્ન થઇ એમણે કહ્યું: વત્સ, પેલી પારસમણિવાળી લોખંડની ડબ્બી લાવ તો."

શિષ્યના કૌતુક સાથે આશ્ચર્ય વધ્યું. 'લોખંડમાં પારસમણિ ? અરે, આ તે કેમ બને? પારસમણિનાં સ્પર્શથી તો લોખંડ સોનું થાય!' તર્કમાં અને વિચારમાં એણે ડબ્બી લીધી અને ગુરુનાં ચરણે ધરી.

ગુરુને ડબ્બી ખોલી. વસ્ત્રમાં લપેટાયેલ પારસમણિ જાણે હસીને પ્રકાશનાં કિરણો વેરી રહ્યો હતો. ગુરુએ વસ્ત્રને દૂર ફેંકી પારસમણિ ડબ્બીમાં મૂકયો. અને લોખંડની ડબ્બી સુવર્ણમાં ફેરવાઇ ગઇ.

આત્માની આસપાસ રહેલી વાસના ખસે તો તે જ પરમાત્મા છે.

# પ્રેમના ટેભા

ભાવનગરના મહારાજા એક સંતના દર્શને ગયા. સંત પાસે એ બેઠા હતા, ત્યારે ઓચિંતી એની નજર સંતના અંગરખા પર ગઇ. ભારે કસબથી એ સીવેલું હતું. એના બખિયા ને ટેભા ભારે કલામય હતા. એને સીવનારો દરજી પાસે જ બેઠો હતો. રાજાએ બહાર નીકળતાં દરજીને પૂછયું,"આ અંગરખું તમે સીવ્યું કે?" દરજીએ હા કહી.

રાજા કહે, 'મને પણ આવું જ સીવી આપો. તમે માંગશો એટલી મજૂરી મળશે. પણ યાદ રાખજો ટેભા તો આવા જ જોઇએ."

દરજીએ કહ્યું: "અન્નદાતા! આપને માટે કામ કરું અને એમાં ખામી હોય?"અઠવાડિયા પછી ઘણી જ ખંતથી તૈયાર કરેલું સુંદર ટેભાવાળું અંગરખું દરજીએ હાજર કર્યું. રાજાએ જોયું. એ ખુશ થયા. એની કલા પર મુગ્ધ થયા. પણ સંતના અંગરખા જેવા વ્યવસ્થિત ને એકધારા ટેભા એમાં ન હતા.

રાજાએ કહ્યું:"કામ સારું છે. તમે તમારી કલા બતાવી છે, પણ આ ટેભા પેલા સંતના અંગરખા જેવા તો નથી જ".

દરજીએ કહ્યુ "અન્નદાતા ! મેં હાથથી, આંખથી, મારી આવડતથી થાય એટલું કામ કર્યું છે. પણ પેલા અંગરખામાં તો આ બધાની સાથે મારા હૃદયનો પ્રેમ પણ કામ કરતો હતો. એટલે હું શું કરું? પ્રેમના ટેભા ફરીફરી કયાંથી લાવું?"

# ઝાંખી

આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત તત્ત્વચિન્તક, પ્રવક્તા અને લેખક પૂજ્ય શ્રી ચિત્રભાનુજીનો જન્મ તખતગઢ-રાજસ્થાનમાં વિ.સં.૧૯૭૮ના શ્રાવણ શુક્લ બીજના દિવસે થયો હતો. એમનો વિદ્યાકાળ ટુમકુર અને બેંગલોરની મહાવિદ્યાલયમાં પૂરો થયો હતો. સ્વજનના મૃત્યુના આઘાતથી વીસમે વર્ષે એમના પિતાશ્રી સાથે મુનિ થઈ, યોગ અને શાસ્ત્રોના અભ્યાસ સાથે ગામડે ગામડે હજારો માઈલ પગપાળા ફરી અહિંસા અને કરુણા ભાવભરી લોકજાગૃતિ આણી.

અંતરના અવાજને અનુસરી ૧૯૭૦માં જીનીવા દ્વિતીય આધ્યાત્મિક શિખર પરિષદમાં હાજરી આપી જૈન ધર્મના સિદ્ધાન્તોની અજય ઘોષણા કરી. ૧૯૭૧માં સંપ્રદાયનો ત્યાગ કરી ગૃહપ્રવેશ કર્યો અને સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્કમાં સર્વધર્મ સમન્વયના પ્રાધ્યાપક બન્યા.

૧૯૮૧માં સેન્ડીએગોના સાગર તટે એમને દિવ્ય આત્મસાક્ષાત્કાર થયો. આ અલૌકિક અનુભૂતિમાં એ વ્યક્તિમાંથી સમષ્ટિના વિશ્વમાનવ બન્યા.

હાલ તેઓ જૈન મેડીટેશન ઇન્ટરનેશનલ સેન્ટર-ન્યૂયૉર્ક, મેડિટેશન સેન્ટર-ટોરેન્ટો, દિવ્યજ્ઞાન સંઘ-ભારત, વેજિટેરિયન સોસાયટી-મુંબઈના પ્રમુખ સ્થાપક અને આધ્યાત્મિક માર્ગદર્શક

એવા વિશ્વમાનવ તરીકે અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, યુરોપ, આફ્રિકા, સિંગાપુર અને જાપાન વગેરે પ્રદેશોમાં અહિંસા, અનેકાન્તવાદ અને આધ્યાત્મિકતાના પ્રચાર અને પ્રસારથી હજારો નરનારીઓને પ્રબુદ્ધ કરી રહ્યા છે.

એમના અભ્યાસ અને અનુભવથી નીતરતાં એમણે અનેક પુસ્તકો લખ્યાં છે. એમાંય અતિ લોકપ્રિયતા પામેલ ચેતના ત્રિવેણી કહી શકાય તેવાં ત્રણ પુસ્તકોને તો વિદેશમાં વિશાળ વાચક વર્ગ સાંપડયા છે. આ પુસ્તકો છે:(૧)રીયલાઈઝ વૉટ યુ આર; (૨)સાયકૉલૉજી ઑફ એન્લાઇટનમેન્ટ ;(૩) ટ્વેલ્વ ફેસેટસ્ ઑફ રીયાલિટી-જે ન્યૂયૉર્કમાં પ્રકાશિત થયાં છે, અને એમના દરેક સેન્ટરમાંથી મળે છે.

આ "ત્રીસ દિવસની ત્રીસ વાતો"માં એક દ્રષ્ટિ ભર્યો સંકેત છે, અને ચિત્ત પર અસર કરી જાય એવી સૂક્ષ્મતા છે. આ ટચૂકડી વાર્તાઓ કણમાં મણ કે બિંદુમાં સિંધુ જેવી છે.

**દિવ્ય જ્ઞાન સંઘ**

રૂા. ૫/-
બીજી આવૃત્તિ ૧૯૮૮

: **પ્રકાશક** :

ડિવાઇન નૉલેજ સોસાયટી,
C/o. ઈ/૧ કિવન્સ વ્યૂ
૨૮/૩૦ વાલકેશ્વર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.

: :અમેરિકા: :

જૈન મેડિટેશન ઈન્ટરનેશનલ સેન્ટર,
૨૪૪, એનસોનિયા સ્ટેશન ન્યૂયોર્ક, એન.વાય. ૧૦૦૨૩
૨૧૩-૩૬૨-૬૪૮૩/૨૧૨-૫૩૪ ૬૦૯૦

: **પ્રાપ્તિ સ્થાન** :

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪ પ્રિન્સેસ સ્ટ્રીટ,
મહાત્મા ગાંધી માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન: ૩૧ ૭૨ ૧૩.

મુદ્રક: દીપક બી. શાહ **પ્રીન્ટેક્ષ**
૫૯, દાદીશેઠ અગિયારી લેન, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન: ૨૫૨૧૮૨

## Books by Pujyashri Chitrabhanuji

| | |
|---|---|
| Realize What You Are<br>*(Published in New York)* | Rs. 50/ |
| Psychology Of Enlightenment<br>*(Published in New York)* | Rs. 50/ |
| Twelve Facets of Reality<br>*(Published in New York)* | Rs. 60/ |
| Man With A Vision | Rs. 30/ |
| Philosophy of Soul and Matter | Rs. 20/ |
| Ten Days Journey Into Self | Rs. 20/ |
| Bondage and Freedom in Print | Rs. 20/ |
| Reflections | Rs. 5/ |
| Parable a day | Rs. 5/ |

## પૂજ્ય શ્રી ચિત્રભાનુજીના અન્ય ગુજરાતી પુસ્તકો

| | |
|---|---|
| ધર્મજીવનના અજવાળા | રૂા 30/- |
| જીવન માંગલ્ય | રૂા ૧૫/- |
| પ્રતિબિંબ | રૂા ૫/- |
| 30 દિવસની, 30 વાતો | રૂા ૫/- |
| પ્રતિબિંબ (હિંન્દી) | રૂા ૫/- |



Pujyashri Chitrabhanuji